**<u>મહેરબાન ૧૩મા એડી સિવિલ જજ અને જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટ, મુ.સુરત.</u>**

**ફોજદારી કેસ નં. ૨૬૧૬૪/૨૧**

**આંકઃ ૪**

**ફરીયાદીઃ શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપીઃ ગજસિંહ જનવેદ બગેલ**

**<u>ગુનોઃ આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબ.</u>**

**<u>–// ચુકાદો //–</u>**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં પોતાના વાહનને લોકોના જાનમાલને નુકશાન થાય તથા જીવજોખમમાં મુકાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ઘ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ. ૫૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન– ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે,

હુકમ આજરોજ ૧૨ મી માહે ૦૩ સને ૨૦૨૨ ના રોજ નેશનલ લોકઅદાલતમાં સ્પે. સીંટીંગમાં જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨
સુરત

(એસ.એન.મોદી)
૧૩મા એડી જયુડી. મેજી.ફ.ક. , સુરત
જીજે૦૧૬૮૨